## તા. ૩૦/૦૩/૨૦૨૬

# ૧ લી એપ્રિલ થી ડીગ્રી ઈજનેરી પ્રવેશ રજીસ્ટ્રેશન શરૂ

ગત વર્ષે ૮૦ હજાર બેઠક સામે ૫૦ ટકા બેઠક ભરાઈ હતી

## ડિગ્રી ઈજનેરી પ્રવેશ માટે ૧ લીથી રજિસ્ટ્રેશન : આ વર્ષે બેઠકો વધશે

અમદાવાદ,રવિવાર

ધો.૧૨ સાયન્સ પછીના ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ૧લી એપ્રિલથી ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ થશે.આમ તો છેલ્લા કેટલાક વર્ષોથી ગુજકેટ પુરી થયાના બીજા દિવસથી પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ જાય છે પરંતુ આ વર્ષે ગુજકેટના બે દિવસ બાદ પ્રવેશ પ્રક્રિયા શરૂ થશે.જ્યારે આ વર્ષે સરકારી ડિગ્રી ઈજનેરી કોલેજોમાં ૨૫૦૦ જેટલી બેઠકો પણ વધવાની છે.જો કે સરકારે હજુ સુધી વિધિવત નોટિફિકેશન કર્યુ નથી.જ્યારે ખાનગી કોલેજોમાં પણ બેઠકો વધે તેમ છે.

### આ વર્ષે પણ ૪૦ હજારથી વધુ બેઠકો ખાલી રહેશે : ફાર્મસી માટે એક સપ્તાહમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થશે

ડિગ્રી ઈજનેરીમાં સરકારી કોલેજોની ૯૫ ટકા બેઠકોમાં ગુજકેટના આધારે અને પાંચ ટકા બેઠકોમાં જેઈઈ મેઈનના આધારે પ્રવેશ અપાય છે.ગુજકેટ અને ધો.૧૨ સાયન્સની બોર્ડ પરીક્ષાના ૫૦-૫૦ ટકા પ્રમાણે મેરિટ તૈયાર કરીને ઈજનેરીમાં પ્રવેશ આપવામા આવે છે.૨૦૨૬-૨૭ના શૈક્ષણિક વર્ષ માટેની ઓનલાઈન કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયા બે દિવસમાં શરૂ કરી દેવામા આવનાર છે. એસીપીસી દ્વારા કરાતી કોમન ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયામા ૧લી એપ્રિલથી ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ થવાની શક્યતા છે.એક-બે દિવસમાં વિધિવત રીતે પ્રવેશ કાર્યક્રમ જાહેર કરી દેવામા આવશે.

ડિગ્રી ઈજનેરીમાં ગત વર્ષે બેઠકો વધીને સરકારી,ગ્રાન્ટેડ અને ખાનગી કોલેજોની ૮૦૯૦૦થી વધારે બેઠકો હતી. ગત વર્ષે બે તબક્કામાં થયેલા રજિસ્ટ્રેશનમાં ૪૩૭૦૦થી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા હતા અને ઓનલાઈન તેમજ ઓફલાઈન પ્રવેશ પ્રક્રિયાને અંતે ૪૧૪૪૨ બેઠકો ભરાઈ હતી.જેમાં ૧૬ સરકારી કોલેજોની ૯૩૮૫ બેઠકોમાંથી ૮૨૫૧ બેઠકો ભરાઈ હતી.પ્રથમવાર ડિગ્રી ઈજનેરીમાં જાન્યુઆરી સેશનની પણ એટલે કે બાયન્યુઅલ એડમિશન પ્રક્રિયા પણ થઈ હતી.જો કે નહિવત વિદ્યાર્થી મળ્યા હતા. આ વર્ષે ડિગ્રી ઈજનેરીમાં ૧૬ સરકારી કોલેજોમાંથી અમદાવાદ, સુરત, રાજકોટની સરકારી કોલેજોમા ૨૫૦૦ જેટલી બેઠકો વધવાની છે અને જે માટે સરકારે નિર્ણય પણ લીધો છે.જો કે હજુ ઠરાવ થયો નથી.જ્યારે ખાનગી કોલેજોમાં

(અનુસંધાન છઠ્ઠા પાને)

### ડિગ્રી ઈજનેરી પ્રવેશ

**(છેલ્લા પાનાનું ચાલુ)**

પણ બેઠકો વધશે.આ વર્ષે ગુજકેટ આપનારા ગુજરાત અને અન્ય બોર્ડના એ ગ્રુપના ૫૭ હજારથી વધુ વિદ્યાર્થીઓ છે.આ વર્ષે પણ પ્રવેશ માટે ક્વોલિફાઈ થનારા ગુજરાત બોર્ડ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ બાદ ૪૦ હજાર જેટલી બેઠકો ભરવાની શક્યતા હોઈ ૫૦ ટકાથી વધુ બેઠકો ખાલી રહે તેમ છે.જ્યારે ૧૨ સાયન્સ પછીના ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે એક સપ્તાહમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થશે.ડિગ્રી ફાર્મસીમાં ૧૦ હજાર જેટલી બેઠકો છે.

**મેનેજમેન્ટ વતી**

**નોંધઃ-(પ્રાપ્તિ સ્થાન : ગુજરાત સમાચાર તા. ૩૦/૦૩/૨૦૨૬)**

★ તમામ મુખ્ય નોટીસબોર્ડ (૦૩), ★ તમામ સ્ટાફરૂમ (૧૭), ★ તમામ ઓફીસ રૂમ (૦૯), ★ તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ (૧૧),

★ જાણકારી બનાવનાર :- અંકુર અંટાળા

જાણકારી નં. ૮૧૬ તા. ૩૦/૦૩/૨૦૨૬

# ગુજરાત રાજ્યની - પ્રાઈવેટ યુનિવર્સિટીઓ(ભાગ-૧)

❝ છેલ્લા કેટલાક વર્ષોમાં અમદાવાદના એજ્યુકેશન ક્ષેત્રે થયેલા ગુણાત્મક પરિવર્તનોએ વિદ્યાર્થીઓ માટે નવી તકોના દ્વાર ખોલ્યા છે. JG યુનિવર્સિટી આ પરિવર્તનના કેન્દ્રમાં રહીને શિક્ષણને નવી દિશા આપી રહી છે - જ્યાં ઉત્તમ શિક્ષણ, સ્કિલ્સ ડેવલોપમેન્ટ અને ઉદ્યોગ સાથેનું મજબૂત જોડાણ એકસાથે આગળ વધે છે. JG યુનિવર્સિટીનું શિક્ષણ મોડલ માત્ર પાઠ્યપુસ્તકો સુધી મર્યાદિત નથી, પરંતુ તે 'લર્નિંગ બાય ડૂઈંગ'ના સિદ્ધાંત પર આધારિત છે. ટેક્નોલોજી-ડ્રિવન અભ્યાસક્રમ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડેટા સાયન્સ અને અન્ય આધુનિક વિષયોનું સંકલન વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે સજ્જ બનાવે છે. લાઈવ પ્રોજેક્ટ્સ, ઈન્ડસ્ટ્રી ઈન્ટરએક્શન અને પ્રેક્ટિકલ ટ્રેનિંગ દ્વારા વિદ્યાર્થીઓને વાસ્તવિક કાર્યક્ષેત્ર માટે તૈયાર કરવામાં આવે છે. ઉત્તમ પ્લેસમેન્ટ રેકોર્ડ અને પ્રતિષ્ઠિત કંપનીઓ સાથેના જોડાણો યુનિવર્સિટીની ગુણવત્તાનો પુરાવો છે. યુનિવર્સિટીની ઝડપી વૃદ્ધિ પાછળ તેનું સ્પષ્ટ દ્રષ્ટિકોણ અને વિદ્યાર્થી કેન્દ્રિત અભિગમ મુખ્ય કારણ છે. અહીં દરેક વિદ્યાર્થીને વ્યક્તિગત માર્ગદર્શન અને મેન્ટરશિપ આપવામાં આવે છે. સ્ટાફનું સહાનુભૂતિપૂર્ણ અને વિનમ્ર વર્તન કેમ્પસને એક પરિવાર જેવી લાગણી આપે છે, જે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને નેતૃત્વના ગુણો વિકસાવે છે. આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ગુણવત્તાયુક્ત શિક્ષણને સર્વસુલભ કિંમત પર ઉપલબ્ધ કરાવવાની પ્રતિબદ્ધતા JG યુનિવર્સિટીને અન્ય સંસ્થાઓથી અલગ પાડે છે. આ સમગ્ર અભિગમ 'Viksit Bharat 2047' ના વિઝન સાથે જોડાયેલો છે, જ્યાં શિક્ષણ અને નવીનતા દ્વારા ભારતને વૈશ્વિક સ્તરે અગ્રેસર બનાવવાનો સંકલ્પ છે.

» **ડૉ. એમ. પી. ચંદ્રન, પ્રેસિડેન્ટ - JG યુનિવર્સિટી**

**www.jguni.in**

❝ ગુજરાતના શૈક્ષણિક ઈતિહાસમાં 100 વર્ષથી અગ્રેસર રહેલી સંસ્થા GLSમાં અમારું વિઝન માત્ર ડિગ્રી આપવા પૂરતું મર્યાદિત નથી, પરંતુ એક આધુનિક, વૈશ્વિક દ્રષ્ટિકોણ ધરાવતી પેઢીનું નિર્માણ કરવાનું છે. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ, શ્રી ગણેશ માવલંકર અને શ્રી કસ્તુરભાઈ લાલભાઈ જેવા મહાન રાષ્ટ્રભક્તોએ જે પાયો નાખ્યો હતો, જેને શ્રી આઈ.એમ. નાણાવટી, નવી ઉંચાઈએ લઈ ગયા અને આજે અમે આધુનિક ટેકનોલોજી અને ઉદ્યોગ-જગતની જરૂરિયાતો સાથે જોડીને આગળ ધપાવી રહ્યા છીએ. GLS યુનિવર્સિટી આજે 15,000થી વધુ વિદ્યાર્થીઓને કાયદો, કોમર્સ, ડિઝાઈન અને એન્જિનિયરિંગ જેવા વિવિધ ક્ષેત્રોમાં સજ્જ કરી રહી છે. અમારો અભિગમ 'Tradition & Innovation' નો છે. શિક્ષણ માત્ર પુસ્તકો સુધી સીમિત ન રહેવું જોઈએ, એટલે જ અમે 'LEAF Incubation Center' દ્વારા સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપીએ છીએ અને AI, રોબોટિક્સ તથા ડેટા સાયન્સ જેવી ઉભરતી ટેકનોલોજી માટે સમર્પિત લેબ્સ વિકસાવી છે. Apple Lab અને AR-VR Lab જેવી સુવિધાઓ વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા સક્ષમ બનાવે છે. પ્લેસમેન્ટના ક્ષેત્રમાં પણ GLS એ એક નવો બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે. 1000થી વધુ પ્રતિષ્ઠિત કંપનીઓ અને 1000થી વધુ ઉદ્યોગ નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ અમે શૈક્ષણિક શિક્ષણ અને ઈન્ડસ્ટ્રી વચ્ચેના અંતરને ઘટાડ્યું છે. શિક્ષણની સાથે રમતગમત અને સંસ્કૃતિ પણ એટલી જ અનિવાર્ય છે. 'શ્રી આઈ.એમ. નાણાવટી સ્પોર્ટ્સ મીટ' અને 'Narrative' જેવા કલ્ચરલ ફેસ્ટિવલ દ્વારા અમે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને નૈતિક મૂલ્યોના ઘડતર પર ભાર મૂકીએ છીએ.

» **શ્રી સુધીર નાણાવટી, પ્રેસિડેન્ટ - GLS યુનિવર્સિટી**

**www.glsuniversity.ac.in**

❝ હરેશ રોહેરએ 20 વર્ષ પહેલાં જે પાયો નાખ્યો હતો, વિનિતા રોહેરા આજે એ જ વારસાને ન્યૂ-એજ ઇનોવેશન સાથે નેક્સ્ટ લેવલ પર લઈ ગયા છે. ગાંધીનગર યુનિવર્સિટીમાં એજ્યુકેશનના નવા બેન્ચમાર્ક સેટ કરીને તેઓ દરેક સ્ટુડન્ટને આવતીકાલની ગ્લોબલ ઓપોર્ચ્યુનિટી માટે તૈયાર કરી રહ્યા છે! ગાંધીનગર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી આજે ગાંધીનગર યુનિવર્સિટી તરીકે એશિયાના પ્રથમ AI-એનેબલ્ડ કેમ્પસ તરીકે ઉભરી આવ્યું છે. શિક્ષણમાં જ્યારે નવીનતમ ટેકનોલોજી અને નૈતિક મૂલ્યોનો સંગમ થાય છે, ત્યારે જ સાચા અર્થમાં 'ફ્યુચર રેડી' પ્રોફેશનલ્સ તૈયાર થાય છે." ગાંધીનગર યુનિવર્સિટી ગુજરાતની પ્રથમ એવી સંસ્થા છે જેણે પોતાનો અભ્યાસક્રમ IEEE બ્લેન્ડેડ લર્નિંગ પ્રોગ્રામ સાથે સંલગ્ન કર્યો છે. અહીં શિક્ષણ માત્ર ક્લાસરૂમ પૂરતું મર્યાદિત નથી; 'AVYUKTAA' જેવી 3D વર્ચ્યુઅલ લેબ્સ અને 'PADMAA' જેવું AI-પાવર્ડ ઈન્ટરવ્યુ મોડ્યુલ વિદ્યાર્થીઓને રિયલ-ટાઈમ અનુભવ આપે છે. આ ઉપરાંત, 'GUide' જેવા પ્લેટફોર્મ દ્વારા વિશ્વની ટોચની 300 યુનિવર્સિટીઓના નિષ્ણાતો હોલોગ્રામ ટેકનોલોજી દ્વારા સીધા વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરે છે. સાયબર સિક્યુરિટી ક્ષેત્રે પણ યુનિવર્સિટીએ રાજ્યની પ્રથમ બ્લોકચેન-ઈન્ટિગ્રેટેડ લેબ સ્થાપીને એક નવો બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે. 'Impulso' સ્પોર્ટ્સ ઈવેન્ટ અને 'Jazba' જેવા કલ્ચરલ ફેસ્ટિવલ દ્વારા વિદ્યાર્થીઓમાં લીડરશિપ અને ટીમવર્કની ભાવના કેળવાય છે. ખાસ કરીને ગુજરાતમાં યોજાનાર 2030 કોમનવેલ્થ ગેમ્સ અને 2036 ઓલિમ્પિક્સને ધ્યાનમાં રાખીને અમે 10-15 સ્પેશિયલાઈઝ્ડ સ્પોર્ટ્સ કોર્સ શરૂ કર્યા છે.

» **વિનિતા રોહેરા, મેનેજિંગ ટ્રસ્ટી અને વાઈસ પ્રેસિડેન્ટ-ગાંધીનગર યુનિવર્સિટી**

**www.gandhinagaruni.ac.in**

❝ અમદાવાદના હૃદય સમાન ગોતા વિસ્તાર સ્થિત કે
યુનિવર્સિટી આજે શિક્ષણ જગતમાં એક નવી ઊંચાઈ પ્રસ્થ
રહી છે. અમારી યુનિવર્સિટીનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને મા
જ્ઞાન આપવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તેમને ઉદ્યોગ
જરૂરિયાતો મુજબ તૈયાર કરવાનો છે. શૈક્ષણિક શ્રેષ્ઠતા અ
વચ્ચેના અંતરને ઘટાડવા માટે અમે નિષ્ણાતોની સલાહથી તૈ
આધુનિક અભ્યાસક્રમ, ફરજિયાત ઈન્ટર્નશિપ અને 'ઓન
તાલીમ પર વિશેષ ભાર મૂકીએ છીએ. કેએન યુનિવર્સિટી
સ્માર્ટ ક્લાસરૂમ, આંતરરાષ્ટ્રીય સ્તરની લાઈબ્રેરી અને વાઈ-
આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરીએ છીએ. ટેકનોલોજીના
વિદ્યાર્થીઓ સ્ટાર્ટઅપ્સ, AI અને રોબોટિક્સ જેવા ક્ષેત્રોમાં પ્ર
માટે યુનિવર્સિટીમાં જ ખાસ ઈન્ક્યુબેશન સેન્ટરની સ્થાપના કરવ
છે. આ ઉપરાંત, સંશોધન પત્રો અને પ્રોજેક્ટ્સ માટે પણ અમે વિ
સતત પ્રોત્સાહિત કરીએ છીએ. અમારું માનવું છે કે વિદ્યાર્થી
સર્વાંગી હોવો જોઈએ. આથી જ અમે રમતગમત, સાંસ્કૃતિ
અને નૈતિક મૂલ્યોના સિંચન દ્વારા જવાબદાર અને માનસિક રી
વ્યક્તિત્વ ઘડવાનું કાર્ય કરીએ છીએ. આજના સ્પર્ધાત્મક યુ
સલાહ છે કે માત્ર ડિગ્રી પર નિર્ભર ન રહીને સતત નવું શીખવા
રાખો અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તથા ડેટા એનાલિટિક્સ
કુશળતા કેળવો. સકારાત્મક અભિગમ અને સખત મહેનત
સફળતાની ચાવી છે.

» **ધ્રુવ પટેલ, વાઈસ પ્રેસિડેન્ટ - KN**

**www.kn**

મેનેજમેન્ટ વતી

**નોંધઃ-(પ્રાપ્તિ સ્થાન : દિવ્યભાસ્કર તા. ૨૯/૦૩/૨૦૨૬)**

★ તમામ મુખ્ય નોટીસબોર્ડ (૦૩), ★ તમામ સ્ટાફરૂમ (૧૭), ★ તમામ ઓફીસ રૂમ (૦૯), ★ તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ (૧૧) ★Type By:- અંકુર અંટાળા

## જાણકારી નં. ૮૧૭ તા. ૩૦/૦૩/૨૦૨૬

# ગુજરાત રાજ્યની - પ્રાઈવેટ યુનિવર્સિટીઓ(ભાગ-૨)

અમદાવાદના શૈક્ષણિક ક્ષેત્રે છેલ્લા 17 વર્ષથી અવિરત
રત સાબરમતી યુનિવર્સિટી હવે શૈક્ષણિક સત્ર 2026-27થી એક
વર્તનકારી યુગમાં પ્રવેશી રહી છે. અમારું વિઝન માત્ર પરંપરાગત ડિગ્રી
પવા પૂરતું મર્યાદિત નથી, પરંતુ એક આધુનિક અને વૈશ્વિક દૃષ્ટિકોણ
વતી પેઢીનું નિર્માણ કરવાનું છે. આ હેતુથી અમે ગુજરાતમાં પ્રથમવાર
વા 'ઇન્ડસ્ટ્રી-ડ્રિવન' અને 'ફ્યુચર-ફોકસ્ડ' પ્રોગ્રામ્સ રજૂ કરવા જઈ
છીએ જે બદલાતા સમય અને વૈશ્વિક ઉદ્યોગોની જરૂરિયાતોને પૂર્ણ
વા સક્ષમ હોય. શિક્ષણ ક્ષેત્રે ઇનોવેશન લાવવા માટે અમે લર્નિંગ
જમેન્ટ સિસ્ટમ (LMS) જેવી અદ્યતન ટેકનોલોજીકલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર
કસાવ્યું છે, જે વિદ્યાર્થીઓને સ્વ-ગતિ, ફ્લેક્સિબલ અને બ્લેન્ડેડ મોડમાં
ભ્યાસ કરવાની અનોખી સુવિધા પૂરી પાડે છે. અમારું કેમ્પસ સંપૂર્ણપણે
ઈ-ફાઈ કનેક્ટિવિટી, સ્ટેટ-ઓફ-ધ-આર્ટ ડિજિટલ ક્લાસરૂમ્સ અને
ાધનોથી સમૃદ્ધ લાયબ્રેરી જેવી આધુનિક સુવિધાઓથી સજ્જ છે, જે
ક્ષણના અનુભવને વધુ ઊંડાણપૂર્વક સમજવામાં મદદ કરે છે. અમારો
ય અભિગમ પ્રેક્ટિકલ એક્સપોઝર અને સ્કિલ ડેવલપમેન્ટ પર છે, જેથી
ાર્થીઓ માત્ર પુસ્તકીયું જ્ઞાન નહીં પણ વાસ્તવિક દુનિયાના પડકારોનો
મનો કરવાનું શીખે. આ નવું અપગ્રેડેડ એકેડેમિક ઇકોસિસ્ટમ
ાર્થીઓના સર્વાંગી વિકાસ અને કારકિર્દીના ગતિશીલ માર્ગો ખોલવા
ે કટિબદ્ધ છે. ભવિષ્ય માટે તૈયાર પ્રોગ્રામ્સ અને ગ્લોબલ ટ્રેન્ડ્સ સાથે
ે એક નવી શરૂઆત માટે સજ્જ છીએ. સાબરમતી યુનિવર્સિટી સાથે
ડાઈને શિક્ષણના ઉજ્જવળ અને આધુનિક ભવિષ્યનો હિસ્સો બનો."

**» સની પટેલ, પ્રેસિડેન્ટ - સાબરમતી યુનિવર્સિટી**

**www.sabarmatiuniversity.edu.in**

અમદાવાદ શહેર આજે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે એક અગ્રણી એજ્યુકેશન હબ તરીકે ઉભરી આવ્યું છે. આ પરિવર્તનમાં ઇન્ડસ યુનિવર્સિટી આધુનિક જ્ઞાન અને ભારતીય સંસ્કૃતિના મૂલ્યોના સુંદર સમન્વય દ્વારા સક્રિય યોગદાન આપી રહી છે. માત્ર ડિગ્રી આપવાનું નહીં, પરંતુ તેમને વૈશ્વિક સ્પર્ધામાં ટકી શકે તેવા સક્ષમ અને સંસ્કારી ગ્લોબલ સિટિઝન બનાવવાનું વિઝન છે. "Indic Studies" નો દરેક પ્રોગ્રામમાં સમાવેશ કરીને અમે વિદ્યાર્થીઓને તેમના મૂળ સાથે જોડી રાખીએ છીએ. શૈક્ષણિક ઉત્તમતા માટે અમે ઇન્ડસ્ટ્રી એક્સપર્ટ્સની સલાહથી કોર્સ ડિઝાઇન કરીએ છીએ. ખાસ કરીને એવિએશન ક્ષેત્રમાં, Western India Institute of Aeronautics (WIIA) છેલ્લા 22 વર્ષથી એરક્રાફ્ટ મેન્ટેનન્સ એન્જિનિયરિંગ (AME) માં વિશ્વસનીય નામ છે. 10 થી વધુ રિયલ એરક્રાફ્ટ પર હેન્ડ્સ-ઓન ટ્રેનિંગ અને અત્યાધુનિક સિમ્યુલેશન ફેસિલિટીઝ દ્વારા વિદ્યાર્થીઓને વાસ્તવિક અનુભવ મળે છે. અમારા ઇન્ક્યુબેશન સેન્ટર (ICSII) દ્વારા AI, ગ્રીન નેનો ટેકનોલોજી અને એવિએશન સાયબર સિક્યુરિટી જેવા ક્ષેત્રોમાં સ્ટાર્ટઅપ્સને બળ પૂરું પાડવામાં આવે છે. શિક્ષણ માત્ર પુસ્તકો પૂરતું મર્યાદિત ન રહેતા રમતગમત, સંસ્કૃતિ અને નૈતિક મૂલ્યો દ્વારા વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થવો જોઈએ. આજના સ્પર્ધાત્મક યુગમાં સફળતા માટે માત્ર જ્ઞાન નહીં, પણ સ્કિલ્સ અને યોગ્ય દૃષ્ટિકોણ અનિવાર્ય છે. સતત શીખતા રહીને અને પોતાના મૂળ સાથે જોડાયેલા રહીને તમે ઉજ્જવળ કારકિર્દીનું નિર્માણ કરી શકો છો. **» મિસ રાધિકા ભંડારી, વાયસ પ્રેસિડેન્ટ, ઈન્ડસ યુનિવર્સિટી & ડિરેક્ટર, વેસ્ટર્ન ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ એરોનોટિક્સ**

**www.indusuni.ac.in**

શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાનો પાયો તેના હાઈ-ક્વૉલિફાઈડ એકેડેમિક સ્ટાફ પર ટકેલો હોય છે. પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાંથી આવેલા અમારા અનુભવી શિક્ષકો અને ઇન્ડસ્ટ્રી એક્સપર્ટ્સનું માર્ગદર્શન વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. અમે માનીએ છીએ કે શિક્ષણ ગતિશીલ હોવું જોઈએ, તેથી જ અમારા 'બોર્ડ ઓફ સ્ટડીઝ'માં ઉદ્યોગ જગતના નિષ્ણાતો સામેલ છે, જેઓ વર્તમાન જરૂરિયાતો મુજબ અભ્યાસક્રમને સતત અપગ્રેડ કરે છે. ઇન્ડસ્ટ્રી સાથેના અમારા 'Mutual Beneficiary Relations'ને કારણે જ વિદ્યાર્થીઓને માત્ર થીયરીટીકલ જ્ઞાન જ નહીં, પરંતુ વાસ્તવિક પ્લેસમેન્ટના ઉત્તમ વિકલ્પો પણ મળે છે. યુનિવર્સિટીએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જેવા અત્યાધુનિક વિષયો માટે સ્પેશિયલાઇઝ્ડ કોર્સ પણ શરૂ કર્યા છે. ઉપરાંત, આંત્રપ્રિન્યોર માઇન્ડસેટ ધરાવતા વિદ્યાર્થીઓ માટે અમારો 'સ્ટાર્ટઅપ્સ ઇકો-સિલેબસ' આશીર્વાદરૂપ છે, જ્યાં 'આઈડિયા ટુ પ્રોડક્ટ'ના પ્રવાસને સાકાર કરવા માટે જરૂરી તમામ સપોર્ટ પૂરો પાડવામાં આવે છે. અમદાવાદ બિઝનેસ હબ હોવાથી, વિદ્યાર્થીઓને ઇન્ડસ્ટ્રીમાંથી જ ઇન્વેસ્ટર્સ અને મેન્ટોર્સ સરળતાથી મળી રહે છે. આ યુનિવર્સિટી ઇન્ડસ્ટ્રી કોલેબ્રેશન અને પોઝિટિવ લર્નિંગ એપ્રોચ દ્વારા શિક્ષણ જગતમાં એક નવો બેન્ચમાર્ક સ્થાપિત કરી રહી છે. અમે વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપથી લઈને કેરિયર કાઉન્સેલિંગ સુધીની તમામ સુવિધાઓ પૂરી પાડીએ છીએ જેથી તેઓ આજના સ્પર્ધાત્મક યુગમાં અગ્રેસર રહી શકે. યુનિવર્સિટીના અત્યાધુનિક રિસર્ચ સેન્ટર્સ અને લેબ્સ વિદ્યાર્થીઓને પ્રાયોગિક જ્ઞાન સાથે નવા સંશોધનો કરવા માટે પ્રેરિત કરે છે.

**» શીતલ અગ્રવાલ , પ્રેસિડેન્ટ - સિલ્વર ઓક યુનિવર્સિટી**

**www.silveroakuni.ac.in**

ગુજરાતની બીજી સૌથી મોટી અને અમદાવાદની સૌથી મોટી ખાનગી યુનિવર્સિટી તરીકે, L J University (LJU) તેના એકેડેમિક એક્સેલન્સ અને મૂલ્યનિષ્ઠ શિક્ષણ માટે જાણીતી છે. અમારું સૂત્ર "Education with a Purpose" એ માત્ર શબ્દો નથી, પણ સંકલ્પ છે. અમે એવું શિક્ષણ આપવામાં માનીએ છીએ જે વિદ્યાર્થીના જીવનને એક ચોક્કસ ઉદ્દેશ્ય આપે. અમારો દ્રઢ વિશ્વાસ છે કે શિસ્ત અને નિષ્ઠા વગર સફળતા અશક્ય છે. શિક્ષણ સીધું ઉદ્યોગો સાથે જોડાયેલું હોવું જોઈએ, તેથી અમારો સિલેબસ ઔદ્યોગિક નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ તૈયાર થાય છે. LJU માં શિક્ષણ પદ્ધતિ (Andragogy) સંપૂર્ણપણે પરિણામલક્ષી છે. વિદ્યાર્થીઓને Coursera ના લાયસન્સ દ્વારા IBM અને Meta જેવી વિશ્વની ટોચની સંસ્થાઓના સર્ટિફિકેટ મેળવવાની તક મળે છે, જ્યારે મૂલ્યાંકનની પારદર્શિતા માટે અમે અત્યાધુનિક Blockchain ટેક્નોલોજીનો ઉપયોગ કરીએ છીએ. નવીનતા માટે 'L J Innovation Village' એ અમારો સિગ્નેચર પ્રોગ્રામ છે, જે વિદ્યાર્થીઓના ઇનોવેટિવ આઈડિયાઝને સફળ સ્ટાર્ટઅપ્સમાં રૂપાંતરિત કરે છે. યુનિવર્સિટી પાસે 6000 થી વધુ વર્કસ્ટેશન ધરાવતું IT ઇન્ફ્રાસ્ટ્રક્ચર છે. અમે 'Earn while Learn' મોડેલ હેઠળ સ્ટાઈપેન્ડ સાથેની ઇન્ટર્નશિપ પૂરી પાડીએ છીએ, જેથી વિદ્યાર્થીઓ આર્થિક રીતે સ્વતંત્ર અને વ્યાવસાયિક બને. સાથે જ, આધુનિક સ્પોર્ટ્સ સુવિધાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા અમે વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરીએ છીએ. મારો સંદેશ છે: ટેકનોલોજીને અપનાવો, શિસ્તબદ્ધ રહો અને પરિવર્તનના વાહક બનો.

**» મનીષભાઈ શાહ, પ્રેસિડેન્ટ - LJ University**

**www.ljku.edu.in**

મેનેજમેન્ટ વતી

**નોંધ:-(પ્રાપ્તિ સ્થાન : દિવ્યભાસ્કર તા. ૨૯/૦૩/૨૦૨૬)**

★ તમામ મુખ્ય નોટીસબોર્ડ (૦૩), ★ તમામ સ્ટાફરૂમ (૧૭), ★ તમામ ઓફીસ રૂમ (૦૯), ★ તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ (૧૧)★Type By:- અંકુર અંટાળા

જાણકારી નં. ૮૧૮ તા. ૩૦/૦૩/૨૦૨૬

# ગુજરાત રાજ્યની – પ્રાઈવેટ સ્કૂલ (ભાગ–૧)

## જ્યાં જ્ઞાન સાથે ગીતાનો સાર છે, એ જ સાચો સેટેલાઈટનો મુળ મંત્ર છે

સેટેલાઈટ સ્કૂલ એટલે સફળતાનો પર્યાય આ સંસ્થાના સંચાલક શિક્ષણ તજજ્ઞ અને ટેકનોલોજીના માધ્યમથી સમય સાથે સાથ મિલાવીને ચાલી રહ્યા છે જેમના કારણે આજે સેટેલાઈટ સ્કૂલ એક વટ વૃક્ષ બનીને એક પછી એક સફળતાઓ સર કરી રહી છે દર વર્ષે ધારદાર પરિણામો સાથે વાલીશ્રીઓના વિશ્વાસ જીતીને સફળતાની કેરી કંડારી છે પ્લે હાઉસથી લઈને ધોરણ 12 સુધી વર્ગો છે સેટેલાઈટ સ્કૂલની એક આગવી ઓળખ સાથે અમારા અનુભવ જ અન્ય શિક્ષણથી અમારા શિક્ષકો નાના ભૂલકાઓ માટે "લોજીક ની સાથે લાગણી"ની પરિભાષા કેળવી રહ્યા છે સાથે સાથે બાળકોમાં આધ્યાત્મિકતા કેળવવા ભગવદ્ ગીતાના શ્લોકનું જ્ઞાન પીરસી રહ્યા છે, જેથી બાળકોમાં સંસ્કારનું સિંચન થાય અને સમાજ કલ્યાણ ની ભાવના જાગે.

દરેક બાળકની ક્ષમતા અલગ હોય છે, તે બાબતને ધ્યાને રાખી નિષ્ણાત શિક્ષકો દ્વારા વ્યક્તિગત માર્ગદર્શન આપી તેમની નબળાઈઓને દૂર કરી આત્મવિશ્વાસ વધારવામાં આવે છે. અમારો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓના શારીરિક, માનસિક અને બૌદ્ધિક વિકાસનો છે. રમત-ગમત, સંગીત, ચિત્રકામ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા અમે વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને ખીલવવાનું પ્લેટફોર્મ પૂરું પાડીએ છીએ.

## નવા શિખરો સર કરવાની પ્રેરણા આપતી ગ્રીનવુડ ઈન્ટરનેશનલ સ્કૂલ

ગ્રીનવુડ ઈન્ટરનેશનલ સ્કૂલ, ડે સ્કૂલ તથા હાફ ડે તરીકે કાર્યરત છે જેમાં Prep Sectionથી લઈ વર્ગ 12 સાયન્સ, કોમર્સ અને આર્ટસ વિભાગનો સમાવેશ થાય છે જ્યારે બાળકો પોતાની શૈક્ષણિક યાત્રામાં સક્રિય પણે સામેલ થાય છે ત્યારે સાચું શિક્ષણ શરૂ થાય છે અમારો અભિગમ એ છે કે શિક્ષણને રોજિંદા અનુભવોમાં એકીકૃત કરવું અને તેને દરેક બાળક માટે કુદરતી અને આનંદદાયક અને અર્થપૂર્ણ બનાવો અમારું લક્ષ્ય માત્ર શૈક્ષણિક શ્રેષ્ઠતા જ નથી પરંતુ અમારા શિખનારાઓમાં આજીવન મૂલ્યો, જિજ્ઞાસા અને આત્મવિશ્વાસ પેદા કરવાનો પણ છે આ સંસ્થામાં મહેન્દ્રસિંહ ધોની ક્રિકેટ એકેડેમી શરૂ કરી વિદ્યાર્થીઓમાં એક રમતગમત પ્રત્યે લગાવ, અનુશાશન અને એક મજબૂત વ્યક્તિત્વનું ઘડતર કરી છે ગ્રીનવુડ ઈન્ટરનેશનલ સ્કૂલનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજ અને સારા સંસ્કારો સાથે પ્રેરિત જવાબદાર નાગરિક તૈયાર કરવાનો છે.

શાળામાં દરેક બાળકની આંતરિક શક્તિને ઓળખીને તેને ખીલવવા માટે અહીં ખાસ ધ્યાન આપવામાં આવે છે, જે બાળકના માનસિક સ્વાસ્થ્ય અને મનોબળને મજબૂત બનાવે છે.

## સંસ્કાર, શિક્ષણ અને ટેકનોલોજીનો ત્રિવેણી સંગમ : પીએનબી સ્કૂલ

આજના યુગમાં મોબાઈલ ફોન અને ટેકનોલોજી આપણું જીવન વરદાન તરીકે ઉભરી આવી છે જ્યારે પીએનબી સ્કૂલના બાળકોને આ ટેકનોલોજી સાથેનું ઘડતર કરવાનો નિશ્ચય કર્યો છે જ્યાં વિદ્યાર્થીઓ નો સર્વાંગી વિકાસ થાય છે અહીં માત્ર પાઠ્યપુસ્તક જ્ઞાન જ નહીં પણ જીવન મૂલ્ય, શિસ્ત અને વ્યક્તિત્વ વિકાસ પર ભાર મૂકવામાં આવે છે અનુભવી શિક્ષકો વિદ્યાર્થીઓને સરળ અને રસપ્રદ રીતે ભણાવે છે તેમજ દરેક બાળકને વ્યક્તિગત ધ્યાન આપે છે સાથે સાથે સ્કૂલ માતા પિતા સાથે નિયમિત સંપર્કમાં રહીને બાળકના વિકાસ માટે સહકાર આપે છે રમતગમત સાંસ્કૃતિક અને સહપાઠી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને સર્જનાત્મકતા વધે છે આવી સ્કૂલ બાળકોને ભવિષ્યમાં સફળ અને સજાગ નાગરિક બનાવે છે.

આજના ડિજિટલ યુગમાં પીએનબી સ્કૂલ માત્ર મોબાઈલના વપરાશ પૂરતી સીમિત નથી, પરંતુ સ્માર્ટ ક્લાસરૂમ અને ઈન્ટરેક્ટિવ લર્નિંગ દ્વારા બાળકોને 'ફ્યુચર રેડી' બનાવે છે. અહીં ટેકનોલોજીનો ઉપયોગ શિક્ષણને બોજ મટાડીને એક આનંદદાયક અનુભવ બનાવે છે, જેથી વિદ્યાર્થીઓ વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા સક્ષમ બને.

## શક્તિ સ્કૂલ: ગુણ
## શિક્ષણ અને ઉ
## કારકિર્દીનું પ્રવે

છેલ્લા ૨૦ વર્ષથી રાજકોટમાં વિજ્ઞાન પ્રવાહના
ગુણવત્તાયુક્ત શિક્ષણ પીરસી રહેલી શક્તિ સ્કૂલ આજે શ
શૈક્ષણિક સંસ્થાઓમાંની એક છે. આ શાળા GSEB અને C
બોર્ડ સાથે સંલગ્ન છે. અહીં ધોરણ ૯ થી ૧૨ સુધીનું શિક્ષણ
અંગ્રેજી એમ બંને માધ્યમમાં આપવામાં આવે છે શાળા પાસે
સમર્પિત ફેકલ્ટીની ટીમ છે, જે શ્રેષ્ઠ શિક્ષણ પ્રદાન કરવા મ
શિસ્તબદ્ધ વાતાવરણ: શિક્ષણની સાથે વિદ્યાર્થીઓમાં સંસ્કા
સિંચન થાય તે માટે અહીં અત્યંત શિસ્તબદ્ધ વાતાવરણ પૂરું પા
દરેક વર્ગમાં મર્યાદિત સંખ્યામાં વિદ્યાર્થીઓ રાખવામાં આવે
દરેક બાળક પર વ્યક્તિગત ધ્યાન આપી શકે અને તેમની મું
શકે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી આજના સ્પર્ધાત્મક યુગ
પરીક્ષા પૂરતી નથી. શક્તિ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્ત
જેવી કે: JEE (Mains and Advanced) NEET અને
લેવલની એન્ટ્રન્સ ટેસ્ટ માટે સઘન પ્રેક્ટિસ અને માર્ગદર્શન 
છે. વિદ્યાર્થીઓને ટેકનોલોજીના દાસ બનવાને બદલે તેના સાથ
અને વિચારશીલ નાગરિક બનાવવાનો પ્રયત્ન કરીએ છીએ

મેનેજમેન્ટ વતી

નોંધઃ-(પ્રાપ્તિ સ્થાન : દિવ્યભાસ્કર તા. ૨૯/૦૩/૨૦૨૬)
★ તમામ મુખ્ય નોટીસબોર્ડ (૦૩), ★ તમામ સ્ટાફરૂમ (૧૭), ★ તમામ ઓફીસ રૂમ (૦૯), ★ તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ (૧૧)★Type By:- અંકુર અંટાળા

જા[illegible]કારી નં. ૮૧૯ તા. ૩૦/૦૩/૨૦[illegible]૬

# ગુજરાત રાજ્યની – પ્રાઈવેટ સ્કૂલ (ભાગ–૨)

## શ્રી શાંતિનિકેતન કોલેજ જ્ઞાનથી વ્યક્તિત્વ ઘડતર સુધીની સફર

શિક્ષણ માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવાનો માર્ગ નથી, પરંતુ સર્વાંગી વિકાસનું શક્તિશાળી સાધન છે. આ દ્રષ્ટિકોણને સાકાર કરતી શ્રી શાંતિનિકેતન કોલેજ આજે આધુનિક શિક્ષણ સાથે સંસ્કૃતિ અને મૂલ્યોનું ઉત્તમ સંકલન પ્રસ્તુત કરે છે. શ્રી ચંદ્રેશભાઈ સાકરીયા દ્વારા આપવામાં આવેલી પ્રેરણા અને દિશા હેઠળ સંસ્થા શૈક્ષણિક ઉત્તમતા સાથે સાથે સંસ્કારપૂર્ણ અને જવાબદાર નાગરિક ઘડવાનું કાર્ય કરે છે. કોલેજમાં BSW, MSW, B.Com, M.Com B.B.A., BCA, અને M.A જેવા વિવિધ અભ્યાસક્રમો દ્વારા વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર અને વ્યાવસાયિક શિક્ષણ આપવામાં આવે છે.

વિદ્યાર્થીઓ રમતગમતમાં સક્રિય ભાગ લઈને રાજ્ય, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ચૂક્યા છે, જે સંસ્થાની સર્વાંગી વિકાસનું પ્રતિબિંબ છે. આધુનિક ટેકનોલોજી આધારિત શિક્ષણ પદ્ધતિઓ, સંશોધન આધારિત અભ્યાસ અને સમાજ સેવા પ્રવૃત્તિઓ દ્વારા કોલેજ વિદ્યાર્થીઓને જીવનમૂલ્યો સાથે સજ્જ બનાવે છે. વિદ્યાર્થીઓ માત્ર ડિગ્રી નહીં પરંતુ સશક્ત વ્યક્તિત્વ અને જવાબદાર નાગરિક તરીકે ઘડાઈ રહ્યા છે.

## નર્સિંગ ક્ષેત્રે કારકિર્દી: આત્મનિર્ભરતા અને સેવાનો શ્રેષ્ઠ માર્ગ

શિક્ષણની સાથે સાથે સ્વાસ્થ્ય પણ જરૂરી છે શ્રી આનંદ ઇન્સ્ટિટયૂટ ઓફ નર્સિંગ સૌરાષ્ટ્ર કચ્છની સૌપ્રથમ સ્વનિર્ભર નર્સિંગ ઇન્સ્ટિટ્યૂટ છે તેમાં એડમિશન ની કાર્યવાહી ધોરણ 12 ના રિઝલ્ટ આવ્યા પછી શરૂ થાય છે શ્રી આનંદ ઇન્સ્ટિટ્યૂટ નર્સિંગ ગુજરાત સરકાર, ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ, ગુજરાત નર્સિંગ કાઉન્સિલ માન્યતા પ્રાપ્ત સંસ્થા છે. કોઈપણ અભ્યાસક્રમ ની પસંદગી કરવા પાછળ તમારો મુખ્ય હેતુ અર્થ ઉપાર્જન નો હોય છે. એવો કયો અભ્યાસક્રમ છે કે જે પુરો થયા પછી તાત્કાલિક અસરથી તમોને અર્થ ઉપાર્જન કરાવી તમારા આત્મવિશ્વાસમાં વૃદિધ કરે છે. યોગ્ય માર્ગદર્શન અને આયોજનના અભાવે ઘણી વખત આપણે આપણી કાર્યદક્ષતા, કૌશલ્ય, આવડત અને પ્રતિભા ને યોગ્ય સ્વરૂપ આપી શકતા નથી. વિજ્ઞાન અને ટેકનોલોજી ના છેલ્લા દાયકા દરમ્યાન અવિરત નવી શોધખોળ અન્વયે પ્રગતિ થતી રહી છે. આ સમાજમાં કે વ્યવસાયમાં પણ તેની ધારી અસર પડી છે. ત્યારે તેની સાથે કદમ તાલ મીલાવવા આપણે જે તે વિષયમાં તજજ્ઞતા-પ્રાપ્ત કરવી પડશે. તેનો કોઈ વિકલ્પ નથી.

## પ્રાચીન મૂલ્યો અને આધુનિક જ્ઞાન દ્વારા વિદ્યાર્થીઓનું સર્વાંગી ઘડતર કરતી સંસ્થા

શાળા જીવન એ વ્યક્તિના ભવિષ્યના નિર્માણ માટેનું ખુબ મહત્વનું પાસું છે. ઇનોવેટિવ સ્કૂલ ગ્રુપ (GSEB & CBSE SCHOOL) આ પાસામાં જરાય ઉણું ન ઉતારે તે રીતે પદ્ધતિસરના આયોજન સાથે ચાલતી સંસ્થા છે. માનવતાના મૂલ્યો સાથે શ્રેષ્ઠ આધુનિક શિક્ષણ આપવું તે હંમેશા આ શાળાની વિશેષતા રહી છે. અહીં સમજ સાથેનું જ્ઞાન આપવામાં આવે છે. જે બાળક જીવનપર્યંત યાદ રાખે છે. મગજના વિકાસ સાથે મનનો પણ ઉચ્ચ વિકાસ થવો ,એ આ શાળામાં થતું જોવા મળશે. શાળા કક્ષાએ જરૂરી તમામ ભૌતિક સુવિધાથી સજ્જ ઇનોવેટિવ સ્કૂલમાં ધોરણ -6 થી જ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાટે પણ SPECIAL FOUNDATION COURSE દ્વારા તૈયારીઓ કરાવવામાં આવે છે. અહીં શિક્ષણની સાથો સાથ રમત-ગમત ક્ષેત્રે પણ બાળક ઉચ્ચ લક્ષ્યાંક પ્રાપ્ત કરતા આવે છે. બાળકને અહીં પોતાનું લક્ષ્ય પોતે નક્કી કરે અને તે દિશામાં મહેનત કરવાનું શીખવવામાં આવે છે. શાળા ક્યુરીયોસીટી, કમ્યુનિકેશન, ક્રિટીકલ થીન્કિંગ અને ક્રિએટીવ થિન્કિંગ-(4C) ના વિકાસ પર ભાર આપતી કાર્યશૈલી ધરાવે છે.

મેનેજમેન્ટ વતી

નોંધઃ–(પ્રાપ્તિ સ્થાન : દિવ્યભાસ્કર તા. ૨૯/૦૩/૨૦૨૬)

★ તમામ મુખ્ય નોટીસબોર્ડ (૦૩), ★ તમામ સ્ટાફરૂમ (૧૭), ★ તમામ ઓફીસ રૂમ (૦૯), ★ તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ (૧૧) ★Type By:- અંકુર અંટાળા

જ[illegible]ાકારી નં. ૮૨૦ તા. ૩૦/૦૩/૨૦[illegible]૬

# ગુજરાત રાજ્યની - પ્રાઈવેટ સ્કૂલ (ભાગ-૩)

## ડિપ્લોમા એન્જીનિયરીંગ ક્ષેત્રે સફળતાનું સરનામું: એશિયાટીક કોલેજ, ગોંડલ

શ્રી ગોપાલભાઈ ભુવાએ પોતાના અનુભવોનો ઉપયોગ તેમના દ્વારા શરૂ કરાયેલ ડિપ્લોમા એન્જીનીયરીંગ કોલેજમાં ખૂબ સારી રીતે કર્યો અને ટૂંક સમયમાં જ ગોપાલભાઈ ભુવાએ એશીયાટીક એન્જીનીયરીંગ કોલેજને સૌરાષ્ટ્રમાં આગવુ સ્થાન અપાવ્યું. સૌરાષ્ટ્ર ઝોનની તમામ ડિપ્લોમા એન્જીનીયરીંગ કોલેજમાંથી GTUમાં પ્રથમ નંબર અને સૌથી વધુ પરિણામ ધરાવતી ઉત્તમ સંસ્થા છે.

અત્યાર સુધીમાં એશિયાટીક કોલેજ દ્વારા ઘણા વિદ્યાર્થીઓને એન્જીનિયર બનાવી તેમના પરિવાર અને સમાજને બળ આપવાનું શ્રેષ્ઠ યોગદાન પૂરું પાડેલ છે. તથા એશિયાટીક કોલેજ દ્વારા રિલાયન્સ, અદાણી, એસ્સાર, ટાટા, GTPL જેવી મલ્ટીનેશનલ કંપની અને સૌરાષ્ટ્રની અલગ અલગ જીઆઈડીસીની નામાંકિત કંપનીઓમાં 10 હજારથી વધુ વિદ્યાર્થીઓને જોબ અપાવી વિદ્યાર્થીઓનું જોબ પ્લેસમેન્ટ કરાવેલ છે. આમ ડિપ્લોમા એન્જીનીયરીંગ કર્યા બાદ એશિયાટીક કોલેજના વિદ્યાર્થીઓ નામાંકીત કંપનીમાં નોકરી મેળવી પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવ્યુ છે.

## બાળકનો વિકાસ : સંયુક્ત જવાબદારી, સહિયારો પ્રયાસ

સાંપ્રત સમયમાં વિદ્યાર્થીઓના શારીરિક, માનસિક અને સામાજિક વિકાસ સામેના પડકારો બદલાયા છે. ખાસ કરીને મોબાઈલ જેવા આધુનિક સાધનોનો દુરુપયોગ અને વાલીઓની અતિશય વ્યસ્તતાને કારણે નવી સમસ્યાઓ ઉભી થઈ છે. ઘણીવાર શિક્ષણ મોંઘું થતા વાલીઓની અપેક્ષાઓ વધે છે, જેના પરિણામે બાળકની મનોવૈજ્ઞાનિક સ્થિતિ સમજ્યા વિના વાલીઓ અને સંસ્થા આમને-સામને આવી જાય છે. વાસ્તવમાં, જો વાલીઓ જે-તે સંસ્થા પર સંપૂર્ણ વિશ્વાસ રાખીને સંકલન સાધે, તો બાળકના ભવિષ્ય માટે આ શ્રેષ્ઠ સમય સાબિત થઈ શકે છે. બાળકની ક્ષમતા મુજબ જ અપેક્ષા રાખવી અને અન્ય બાળકો સાથે તેની સરખામણી ટાળવી જોઈએ. વર્ષની શરૂઆતથી જ તેને વિવિધ શૈક્ષણિક આયામોમાં જોડવા અને પૂર્વગ્રહ રાખ્યા વિના બાળકની રુચિ મુજબ સ્પોટ્ર્સ કે સંગીત જેવી પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. શાળાના શિક્ષકો પ્રત્યે આદર, વાલી મીટિંગમાં નિયમિત હાજરી અને બાળકની નબળાઈને સંયુક્ત જવાબદારી ગણવી ખૂબ જરૂરી છે. યાદ રાખવું જોઈએ કે બાળકની કોઈ એક સમયની નિષ્ફળતા કાયમી નથી; તેને માત્ર સંસ્થા અને વાલીઓના અતૂટ વિશ્વાસની જરૂર છે.

## શાળામાં શિક્ષણ, સહ-પ્રવૃત્તિઓ અને ભારતીય પરંપરાઓનું સંતુલન

SKP સ્કૂલ એ એક જ્ઞાનનું મંદિર છે. આ સ્કૂલ બાળકોને ભણતર સાથે ગણતર આપવા માટે પ્રયોગશીલ શૈક્ષણિક પ્રક્રિયાઓ અને ઉપયોગી માર્ગદર્શન પૂરું પડે છે. વિદ્યાર્થીઓને કલા, ખેલ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને વ્યક્તિગત વિકાસ માટે સંપૂર્ણ શિક્ષણ મળી રહે છે. આ શિક્ષણ બાળકોને માત્ર નોકરી મેળવવા માટે જ નહિ પરંતુ જીવન ઘડતર, સામાજિક સમજણ અને સારા વ્યક્તિત્વ વાળી વ્યક્તિ બનાવવા માટે પણ ઉપયોગી છે. તેઓ વિદ્યાર્થીઓને પોતાની આવડત અને કૌશલ્ય વડે વિદ્યાર્થીઓને યોગ્ય જ્ઞાન આપીને બાળકમાં રહેલી આવડતોને ઉજાગર કરે છે.

આ કાર્ય શિક્ષણની નવી દિશા અને યોજનાઓને જન્મ આપે છે અને વિદ્યાર્થીઓને વાસ્તવિક જીવનની સમસ્યાઓનું સમાધાન માટે તૈયાર કરે છે. SKP સ્કૂલએ શિક્ષણની નવી ક્રાંતિઓમાં મહત્વની ભૂમિકા નિભાવે છે અને વિદ્યાર્થીઓને સંપૂર્ણ વિકાસ અને સામર્થ્યમાં મદદ કરે છે.

મેનેજમેન્ટ વતી

નોંધઃ-(પ્રાપ્તિ સ્થાન : દિવ્યભાસ્કર તા. ૨૯/૦૩/૨૦૨૬)

★ તમામ મુખ્ય નોટીસબોર્ડ (૦૩), ★ તમામ સ્ટાફરૂમ (૧૭), ★ તમામ ઓફીસ રૂમ (૦૯), ★ તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ (૧૧)★Type By:- અંકુર અંટાળા

જા[illegible]કારી નં. ૮૨૧ તા. ૩૦/૦૩/૨૦[illegible]

# ગુજરાત રાજ્યની - પ્રાઈવેટ સ્કૂલ (ભાગ-૪)

## ફક્ત સારા પરિણામ માટે નહીં, પરંતુ એવા વિદ્યાર્થીઓ ઘડવા માટે પ્રતિબદ્ધ છીએ જે દરેક માતા પિતાનું સ્વપ્ન હોય

દરેક માતા-પિતાનું એક સ્વપ્ન હોય છે - તેમનું બાળક ફક્ત અભ્યાસમાં જ નહીં, પરંતુ જીવનના દરેક ક્ષેત્રમાં આત્મવિશ્વાસ સાથે આગળ વધે. આજના સમયમાં ઊંચા માર્ક્સ મહત્વના છે, પરંતુ તે સાથે જ યોગ્ય વિચારશક્તિ, મજબૂત વ્યક્તિત્વ અને સાચી દિશા વધુ મહત્વ ધરાવે છે. પતંજલિ સ્કૂલ્સમાં અમે આ ત્રણેય બાબતોને સમાન મહત્વ આપી, શિક્ષણને એક સંપૂર્ણ પ્રક્રિયા તરીકે આપીએ છીએ. અહીં દરેક વિદ્યાર્થીને એક અલગ ઓળખ અને ક્ષમતા સાથે જોવામાં આવે છે.આધુનિકશિક્ષણપદ્ધતિઓસાથેસરળઅનેસ્પષ્ટસમજણદ્વારાઅભ્યાસને રસપ્રદ બનાવવામાં આવે છે, જેથી વિદ્યાર્થીમાં શીખવાની સાચી રૂચિ વિકસે. સાથે જ, યોગ, પ્રાણાયામ અને ભારતીય સંસ્કાર દ્વારા વિદ્યાર્થીમાં એકાગ્રતા, શિસ્ત અને આંતરિક શક્તિનો વિકાસ કરવામાં આવે છે. કારણ કે ફક્ત જ્ઞાન પૂરતું નથી - સંતુલિત અને સંસ્કારી વ્યક્તિત્વ જ જીવનમાં લાંબા ગાળાની સફળતા આપે છે. મજબૂત એકેડેમિક પાયો સાથે નિયમિત ટેસ્ટ, પ્રગતિનું માર્ગદર્શન અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે યોગ્ય તૈયારી દ્વારા વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે તૈયાર કરવામાં આવે છે. દરેક વિદ્યાર્થીને વ્યક્તિગત ધ્યાન આપીને તેની ક્ષમતાને વધુ ઉત્તમ બનાવવા માટે સતત પ્રયત્ન કરવામાં આવે છે.

## અર્ક સાયન્સ: આધુનિક શિક્ષણ અને આધ્યાત્મિક મૂલ્યોનો અનોખો સંગમ

શિક્ષણની સાથે શિસ્ત, સંયમ અને સદાચારનું સિંચન કરી વિશ્વમાનવ બનાવવા પ્રેરિત કરતી અમારી આ અર્ક સાયન્સ સંસ્થા છે.. જ્યાં વિદ્યાર્થીઓ નીતિમત્તાના મૂલ્યો સમજી ખુદનો ને રાષ્ટ્રનો વિકાસ કરે એ દિશામાં આ સંસ્થા પ્રયત્નરત છે. ધોરણ 9 થી ફાઉન્ડેશન દ્વારા ધોરણ 11-12 સાયન્સ ની સાથો સાથ JEE - NEET ની સંપૂર્ણ તૈયારી કરાવવામાં આવે છે. આધુનિક શિક્ષણ પદ્ધતિ દ્વારા બાળકને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરી તેનો આત્મવિશ્વાસ વધારવો એ અમારું પ્રથમ લક્ષ્ય છે. બાળકોને શિક્ષણ ભારરૂપ ન લાગે તે પોતાના લક્ષ્ય સુધી પહોંચે તે માટે વિવિધ સેમિનારો, રમત-ગમત, વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, પ્રવાસ તેમજ આધ્યાત્મક મૂલ્યોનો વિકાસ થાય તે માટે ગીતાંના પ્રવચનો તથા વિવિધ સ્થાનોની મુલાકાત લેવામાં આવે છે. વિદ્યાર્થીઓ પોતાની શક્તિ ને ઓળખી પોતાનું અને માતા પિતા નું સ્વપ્ન પૂરું કરે ને શાળાનું નામ રોશન કરે તેવી કેળવણી આપવામાં આવે છે. આમ, અર્ક સાયન્સ સંસ્થા એ માત્ર શિક્ષણનું ધામ નથી, પણ એક એવી નર્સરી છે જ્યાં આવતીકાલના જવાબદાર, અને સંસ્કારી નાગરિકોનું ઘડતર થાય છે.

## નાલંદા વિદ્યાલય : માત્ર એક શાળા નહીં, સર્વાંગી પરિવર્તનનું કેન્દ્ર

નાલંદા વિદ્યાલય મારા માટે માત્ર એક શૈક્ષણિક સંસ્થા નથી, પણ એક એવું વિઝન છે જેને હું એક દાયકાના અનુભવ બાદ સંપૂર્ણ નિષ્ઠાથી સાકાર કરી રહ્યો છું. અમારો સ્પષ્ટ ઉદ્દેશ્ય દરેક બાળકનું સર્વાંગી પરિવર્તન કરવાનો છે, જે પાઠ્યપુસ્તકો અને પરીક્ષાઓની સીમિત મર્યાદાઓથી ઘણું આગળ છે. અમે એક એવું જીવંત વાતાવરણ પ્રદાન કરીએ છીએ જ્યાં વિદ્યાર્થીઓ ગોખણપટ્ટી કે ટ્યુશન ક્લાસીસના દબાણ વગર સ્વતંત્ર રીતે વિચારી શકે અને પ્રશ્નો પૂછવા પ્રેરાય. શિક્ષણનો સાચો અર્થ બાળકમાં જિજ્ઞાસા, આત્મવિશ્વાસ અને ચારિત્ર્યનું સિંચન કરવાનો છે, જે નાલંદાનો પાયો છે.

અહીં શિક્ષણ માત્ર ક્લાસરૂમ સુધી સીમિત નથી. ફિલ્મ મેકિંગ, સ્ટુડન્ટ-પ્રોજેક્ટ્સ અને વાસ્તવિક સમસ્યાઓના ઉકેલ જેવી પ્રવૃત્તિઓ દ્વારા અમે સુનિશ્ચિત કરીએ છીએ કે દરેક બાળક પોતાની આંતરિક શક્તિઓને ઓળખે. આ સફરમાં અમે વાલીઓને માત્ર હિસ્સેદાર નહીં, પણ એક જવાબદાર નાગરિક ઘડવાની પ્રક્રિયામાં અભિન્ન સાથીદાર માનીએ છીએ. અમારું લક્ષ્ય એક એવી પેઢી તૈયાર કરવાનું છે જે નૈતિક મૂલ્યો સાથે આત્મવિશ્વાસુ હોય અને ભવિષ્યના પડકારોનો સામનો કરવા માટે કોઈપણ પરાવલંબન વગર સજ્જ હોય.

મેનેજમેન્ટ વતી

**નોંધ:-(પ્રાપ્તિ સ્થાન : દિવ્યભાસ્કર તા. ૨૯/૦૩/૨૦૨૬)**

★ તમામ મુખ્ય નોટીસબોર્ડ (૦૩), ★ તમામ સ્ટાફરૂમ (૧૭), ★ તમામ ઓફીસ રૂમ (૦૯), ★ તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ (૧૧)★Type By:- અંકુર અંટાળા

જાણકારી નં. ૮૨૨ તા. ૩૦/૦૩/૨૦૨૬

# ગુજરાત રાજ્યની – પ્રાઈવેટ સ્કૂલ (ભાગ–૫)

## कर्मेषु कौशलम् इति कर्मयोगी

સૌરાષ્ટ્રના પાટનગર સમા રાજકોટ શહેરની મધ્યમાં મવડી વિસ્તારમાં મુલ્યનિષ્ઠ શિક્ષણ આપવાના હેતુથી વર્ષ 2001 થી કાર્યરત સંસ્થા આજે 25 વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે અને 26માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી "સેવા પરમો ધર્મ" ના શુભ વિચારોનું વાવેતર કરેલ છે. સંસ્થામાં આજે કે.જી. થી પી.જી. સુધીનું શિક્ષણ એક જ કેમ્પસમાં આપવામાં આવી રહ્યું છે. સંસ્થાનો ધ્યેય ખૂબ જ ઓછી અને વ્યાજબી શૈક્ષણિક ફી દ્વારા રાષ્ટ્રને સર્વશ્રેષ્ઠ શિક્ષિત નાગરિકો તૈયાર કરવા અને સમગ્ર સમાજનો વિકાસ થાય તેમજ વિસ્તાર પુરતા સીમિત રહેવાને બદલે બાળક રાજ્ય, રાષ્ટ્ર કે આંતરરાષ્ટ્રીય સ્તરે શિક્ષણના માધ્યમથી સફળ માનવ તરીકે પ્રસ્થાપિત થાય.

આ સંસ્થામાં ગુજરાત બોર્ડ NIOS ઓપન બોર્ડ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન યુજી અને પીજીના કોર્સ, Skill India અંતર્ગત તાલીમો દ્વારા આધુનિક યુગના પડકારોને ઝીલવા સક્ષમ બનાવવામાં આવે છે. સંસ્થાપકનો સ્પષ્ટ સંદેશ છે કે - વિદ્યા એ જ ખરૂ ધન છે, કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી સફળતા માટે કોઈ શોર્ટકટ નથી. ॥ વંદે માતરમ ॥

## જ્યાં પરંપરા અને આધુનિકતાનો સમન્વય થાય : રાધિકા સ્કૂલ

રાધિકા સ્કૂલ & હોસ્ટેલ વિશાળ જગ્યામાં કુદરતી વાતાવરણ વચ્ચે પથરાયેલી છે પરંપરાગત સાથે આધુનિક શૈક્ષણિક સુવિધા ના સાધનોથી સજ સંપૂર્ણ કેમ્પસ ઓડિયો વીડિયો સીસીટીવી કેમેરાથી સ્માર્ટ ક્લાસરૂમની સાથે વિદ્યાર્થીઓની આંતરિક અને બાહ્ય કલાના વિકાસ માટે વિદ્યાર્થીઓને એડવાન્સ ટેકનોલોજી સુસંગત કરાવવા માટે લેબ બનાવવામાં આવી છે રાધિકા સ્કૂલના કેમ્પસમાં ક્રિકેટ ફૂટબોલ જેવી આઉટડોર રમતો વિકસાવવાની સાથે ઈન્ડોર રમતોની સુવિધા ઉભી કરવામાં આવી છે રાધિકા સ્કૂલ ચોક્કસ વિઝન અને મિશનથી ચાલે છે અમારો ધ્યેય ફક્ત વિદ્યાર્થીઓની સંખ્યા કે બોર્ડના પરિણામ નથી પરંતુ બાળકોનો સર્વાંગી વિકાસ થાય એવો છે રાધિકા સ્કૂલનું મેનેજમેન્ટ એજ્યુકેશન સ્કીલ પર કામ કરે છે નર્સરીથી ધોરણ 12 સાયન્સ એન્ડ કોમર્સ એન્ડ હ્યુમિનિટી શાખા સાથે તપશ્ચર્યા, શિક્ષા, સંપૂર્ણતા, વિવિધતા અને નવીનતાના પરિબળોનું ધ્યાન રાખીને અમે શિક્ષણ આપીએ છીએ.

અનુભવી શિક્ષકોના સ્નેહભર્યા માર્ગદર્શન હેઠળ અહીં દરેક બાળકની જિજ્ઞાસા અને સર્જનાત્મકતા ખીલી ઊઠે છે. શિક્ષણ સાથે નૈતિક મૂલ્યોના સિંચનથી અમે એવું વાતાવરણ આપીએ છીએ, જ્યાં અભ્યાસ એ માત્ર પ્રક્રિયા નહીં પણ જીવન ઘડતરનો એક અમૂલ્ય ઉત્સવ બની રહે છે.

## માત્ર પુસ્તકિયું જ્ઞાન નહીં, પણ સંસ્કૃતિ અને નૈતિકતા સાથેનું શિક્ષણ

તપન સ્કૂલમાં અમે વિદ્યાર્થીઓને સામાન્ય માણસમાંથી કોઠાસૂઝ ધરાવનારા નાગરિક બનાવવાનું વલણ અપનાવીએ છીએ. વિદ્યાર્થીઓને તેમના જીવન જરૂરી તમામ કર્તવ્ય પૂર્ણ કરવા તે જ શાળાનું મુખ્ય લક્ષ્ય છે. અમારું પ્રાથમિક ધ્યેય ગુણવત્તા યુક્ત શિક્ષણ પ્રદાન કરવાનું છે જે અમારા વિદ્યાર્થીઓને જીવનમાં તેમની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચવા માટે સશક્ત બનાવે છે. તેમના શૈક્ષણિક સામાજિક અને ભાવનાત્મક વિકાસને પહોંચે છે તેમને સતત બદલાતી દુનિયામાં શ્રેષ્ઠતા મેળવવા માટે તૈયાર કરીએ છીએ. અહીં શિક્ષક મિત્રો અવનવી તેમજ વિદ્યાર્થીઓને રસ પડે તે પદ્ધતિથી ટેકનોલોજીનો ઉપયોગ કરી બાળકોને શિક્ષણ રૂપી રસ આપીએ છીએ જેનાથી વિદ્યાર્થીઓ અને શિક્ષક મિત્રો વચ્ચે એક જ્ઞાનનો સેતુ સ્થાપ અને વિદ્યાર્થીઓને તેમના જ્ઞાનનો લાભ મળે. તમારા બાળકના ઉજ્જવળ ભવિષ્ય માટે તપન સ્કૂલ એ માત્ર એક શાળા નથી, પણ એક પરિવાર છે. અમે બાળકની સુષુપ્ત શક્તિઓને ઓળખી તેને સાચી દિશા આપવાનું કાર્ય કરીએ છીએ. ચાલો, સાથે મળીને એક સુસજ્જ અને ભાવી જાગૃત પેઢીનું નિર્માણ કરીએ.

## શિક્ષણની નવી ક્ષિતિજ: સંસ્કાર, કૌશલ્ય અને આધુનિકતાનો સમન્વય

આજના સોશિયલ મીડિયાના ટ્રેન્ડ અને આધુનિક જીવનશૈલીમાં નવી પેઢીમાં સંવાદનો અભાવ વર્તાઈ રહ્યો છે. માતા-પિતા વ્યસ્ત હોવાથી અને શાળાઓ માત્ર સ્પર્ધામાં રચ્યાપચ્યા હોવાથી બાળકોનો સર્વાંગી વિકાસ અવરોધાય છે. આવા માહોલમાં આદર્શ શિક્ષક જ નૈતિક મૂલ્યો અને સંસ્કારોનું સિંચન કરનાર સ્રોત બની શકે છે. બાળકનું મગજ કોરી પાટી સમાન છે, જેના પર રાષ્ટ્રભાવના, પ્રેમ અને કરુણા જેવા ગુણો કંડારી તેને શ્રેષ્ઠ નાગરિક બનાવવાની જવાબદારી શિક્ષકની છે. માત્ર માહિતી આપવાને બદલે સ્કીલ ડેવલપમેન્ટ અને માનસિક મજબૂતી પર ધ્યાન આપી બાળકને સક્ષમ બનાવવો એ જ સાચું શિક્ષણ છે.

નવી શિક્ષણ નીતિ 2020 મુજબ માતૃભાષા અને રાષ્ટ્રભાષા સાથે અંગ્રેજીનું મહત્વ પણ વધ્યું છે. AI ના યુગમાં ભાષાકીય સજ્જતા માટે હવે પ્રિ-પ્રાયમરી સ્તરે ત્રિભાષા પદ્ધતિ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે, જેથી બાળક વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરી શકે.

મેનેજમેન્ટ વતી

નોંધ:-(પ્રાપ્તિ સ્થાન : દિવ્યભાસ્કર તા. ૨૬/૦૩/૨૦૨૬)

★ તમામ મુખ્ય નોટીસબોર્ડ (૦૩), ★ તમામ સ્ટાફરૂમ (૧૭), ★ તમામ ઓફીસ રૂમ (૦૯), ★ તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ (૧૧) ★Type By:- અંકુર અંટાળા

જા[illegible]કારી નં. ૮૨૩ તા. ૩૦/૦૩/૨૦[illegible]૬

# ગુજરાત રાજ્યની - પ્રાઈવેટ સ્કૂલ (ભાગ-૬)

## શ્રી ઉદગમ સ્કૂલ : શિક્ષણ, સેવા અને સંસ્કૃતિનું ત્રિવેણી સંગમ

શ્રી ઉદગમ સ્કૂલ વિદ્યાર્થીઓમાં શિક્ષણની સાથે શિસ્ત, સંયમ અને સદાચારના મૂલ્યોનું સિંચન કરી તેમને આદર્શ નાગરિક બનાવવા માટે કટિબદ્ધ છે. શાળાનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકનો સર્વાંગી વિકાસ કરી તેને રાષ્ટ્રના ઘડતરમાં સહભાગી બનાવવાનો છે. આધુનિક યુગમાં ટેક્નોલોજીની સાથે આધ્યાત્મિકતાના સમન્વય માટે અહીં શ્રીમદ ભગવદ્ ગીતાનું જ્ઞાન આપવામાં આવે છે, જેથી વિદ્યાર્થીઓ જીવનના પડકારોનો સામનો નૈતિકતા અને સ્થિરતાથી કરી શકે.

જ્ઞાનને વર્ગખંડની બહાર વિસ્તૃત કરવા માટે શાળા સમયાંતરે ઈન્ડસ્ટ્રીયલ વિઝિટનું આયોજન કરે છે, જેનાથી વિદ્યાર્થીઓને વ્યવહારુ અને ઉદ્યોગજગતનો પ્રત્યક્ષ અનુભવ મળે છે. અહીં કે.જી. થી ધોરણ 12 સુધીનું શિક્ષણ ઉપલબ્ધ છે અને આ વર્ષથી કોમર્સ અંગ્રેજી માધ્યમનો પણ પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. શ્રેષ્ઠ ફેકલ્ટી અને આધુનિક પદ્ધતિઓ સાથે કોમર્સમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે આ એક સુવર્ણ તક છે. વર્ષોથી બોર્ડની પરીક્ષામાં શ્રેષ્ઠ પરિણામની પરંપરા ધરાવતી આ શાળા તજજ્ઞ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ જગાડે છે. શ્રી ઉદગમ સ્કૂલ એ માત્ર શિક્ષણનું ધામ નથી, પણ સંસ્કારી નાગરિકોના ઘડતરની નર્સરી છે.

## રોઝરી સ્કૂલ : વાલીઓ, વિદ્યાર્થીઓનું ઉજ્જવળ ભવિષ્ય તરફનું શ્રેષ્ઠ પગલું

44 વર્ષથી વધુના શૈક્ષણિક અનુભવ સાથે રોઝરી સ્કૂલ રાજકોટની અગ્રણી શાળાઓમાં સ્થાન ધરાવે છે. GSHEB સાથે સંલગ્ન આ શાળા NCERT અભ્યાસક્રમ મુજબ ગુણવત્તાસભર અને આધુનિક શિક્ષણ પ્રદાન કરે છે. નવી શિક્ષણ નીતિના અભિગમ સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ખાસ ભાર મુકવામાં આવે છે. અનુભવી અને પ્રતિભાશાળી શિક્ષકો દ્વારા ભારવિના ભણતરનો અભિગમ અપનાવીને દરેક વિષયમાં વિદ્યાર્થીઓને મજબૂત બનાવવામાં આવે છે. શાળામાં ધોરણ 1 થી જ કોમ્પ્યુટર શિક્ષણ, રોબોટિક્સ અને સાયન્સ લેબ જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. અભ્યાસ સાથે સાથે પી.ટી., ડ્રોઈંગ, ક્રાફ્ટ, મ્યુઝિક અને ડાન્સ જેવી પ્રવૃત્તિઓ દ્વારા બાળકોની - સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસ વિકસાવવામાં આવે છે. ગુજરાતી માધ્યમમાં પણ અંગ્રેજી વિષયને વિશેષ મહત્વ આપવામાં આવે છે. 100% ઉત્તમ પરિણામ, નૈતિક મૂલ્યોનો વિકાસ અને વ્યાજબી ફીમાં ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ. આ બધાનું સમન્વય એટલે રોઝરી સ્કૂલ, જે તમારા બાળકના ભવિષ્યને ઉજ્જવળ બનાવવાનું મજબૂત આધારસ્તંભ છે.

## પરિશ્રમ સ્કૂલ: જ્ઞાન અને સંસ્કારનું સંગમ સ્થળ

પરિશ્રમ સ્કૂલ એ એક જ્ઞાનનું મંદિર છે બાળક એ વ્યક્તિગત નહીં પરંતુ રાષ્ટ્રીય સંપદા છે જેની જુદી જુદી અવસ્થામાં યોગ્ય માવજત જરૂરી છે ત્યારે પરિશ્રમ સ્કુલ આદર્શ મજબૂત અને રાષ્ટ્રીય વિચારધારા થકી વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવા વિવિધ અભ્યાસિક અને સહ અભ્યાસિક પ્રવૃત્તિઓનો નિયમિત રીતે આયોજન કરી શિક્ષણની પ્રક્રિયાને સરળ અને સહજ બનાવે છે.

પરિશ્રમ સ્કુલ કેજી થી ધોરણ 12 સુધીની શાળા છે. જેમા ધો. 11/12 સાયન્સ અને કોમર્સ બન્ને અભ્યસક્રમ ગુજરાતી અને અગ્રેજી માધ્યમ ધરાવતી શાળા છે. અહી વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે મુખ્ય અભ્યાસક્રમની સાથે સાથે JEE-NEET ના વર્ગો પણ લેવામાં આવે છે. કોમર્સ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે બેન્ક તેમજ ઈન્ડસ્ટ્રીની રૂબરૂ મુલાકાત અને ઈન્ટર્નશીપ ગોઠવવામાં આવે છે અમે માનીએ છીએ કે દરેક બાળકની શીખવાની ક્ષમતા અલગ હોય છે. તેથી અનુભવી શિક્ષકો દરેક વિદ્યાર્થી પર વ્યક્તિગત ધ્યાન આપે છે. અને તેની નબળાઈઓને દૂર કરી આત્મવિશ્વાસ વધારે છે.

મેનેજમેન્ટ વતી

નોંધ:-(પ્રાપ્તિ સ્થાન : દિવ્યભાસ્કર તા. ૨૯/૦૩/૨૦૨૬)

★ તમામ મુખ્ય નોટીસબોર્ડ (૦૩), ★ તમામ સ્ટાફરૂમ (૧૭), ★ તમામ ઓફીસ રૂમ (૦૯), ★ તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ (૧૧)★Type By:- અંકુર અંટાળા

જા[illegible]ાકારી નં. ૮૨૪ તા. ૩૧/૦૩/૨૦[illegible]

# સૌ.યુનિ. ઈન્ટર્નલ માર્કસ એન્ટ્રી કરવા બાબત


**SAURASHTRA UNIVERSITY**
**EXAM SECTION - 02**
University Campus, University Road, Rajkot – 360005
Phone No.: (0281) 2576511 Ext. No. 734-301 / FAX No.: (0281) 2586411
E-mail Id: exam02@sauuni.ac.in
Accredited Grade "A" by NAAC (3rd Cycle)


પરિપત્ર:-

વિષય:- C.B.C.S. (ચોઈસ બેઇઝ ક્રેડીટ સિસ્ટમ) પધ્ધતિ અંતર્ગત તબક્કાવાર લેવાની થતી પરીક્ષાઓ માટે ઇન્ટર્નલ તથા પ્રેક્ટીકલ ગુણની એન્ટ્રી થવા અંગે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે સંલગ્ન સર્વે કોલેજનાં આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રી, માન્ય સંસ્થાઓના વડાઓ તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં નોંધાયેલ સબંધિત વિદ્યાર્થીઓની સંસ્થાના વડાઓને જણાવવાનું કે, C.B.C.S. (ચોઈસ બેઇઝ ક્રેડીટ સિસ્ટમ) પધ્ધતિ અંતર્ગત તબક્કાવાર લેવામાં આવતી પરીક્ષાઓનાં ઇન્ટર્નલ તથા પ્રેક્ટીકલ ગુણની એન્ટ્રી માટે દરેક વિદ્યાશાખામાં દરેક સેમેસ્ટરમાં એકરૂપતા જળવાય તેના માટે હવેથી ઇન્ટર્નલ તથા પ્રેક્ટીકલ ગુણની એન્ટ્રી માટે પ્રારંભ થવાની તારીખ તેમજ પૂર્ણ થવાની તારીખ નીચે મુજબ રહેશે અને ઇન્ટર્નલ તથા પ્રેક્ટીકલ ગુણ એન્ટ્રીની તારીખ માટેનો આ કાયમી પરિપત્ર રહેશે.

| માર્ક એન્ટ્રી દિવસ ક્રમ ➡ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | કુલ દિવસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | થીયરી પરીક્ષાના પ્રથમ દિવસ પહેલાના દિવસો | | | | | | | | | | થીયરી પરીક્ષા શરૂ થવાનો દિવસ | થીયરી પરીક્ષા શરૂ થયાના પ્રથમ દિવસ બાદના દિવસો | | | | |
| કુલ દિવસો | ૧૦ દિવસ | | | | | | | | | | ૧ દિવસ | ૪ દિવસ | | | | કુલ ૧૫ દિવસો |

અગત્યની સુચનાઓ :

(૧) ઉપર્યુક્ત છેલ્લી તારીખ બાદ કરવામાં આવતી એન્ટ્રી સોફ્ટવેર પ્રોગ્રામ સ્વીકારશે નહી, જે ધ્યાને લેવા વિનંતી છે.

(૨) ઇન્ટર્નલ માર્કસ તથા પ્રાયોગિક પરીક્ષાના (વાયવા) માર્કસ ની એન્ટ્રી પૂરી થયા બાદ કોલેજ/ભવન/સંસ્થાએ ચેક્લીસ્ટની પ્રિન્ટની ખરાઈ કરી લેવાની રહેશે, છેલ્લી તારીખ બાદ સુધારો શક્ય બનશે નહી.

(૩) ઇન્ટર્નલ માર્કસ તથા નિયમ મુજબ અન્ય દર્શાવવાના થતા માર્કસ નાં ચેકલીસ્ટ સંસ્થાના વડા દ્વારા સર્ટીફાઇડ કરીને વિદ્યાર્થીના જાણ અર્થે નોટીસ બોર્ડ પર મુકવાનું રહેશે.

(૪) ઇન્ટર્નલ માર્કસ તથા પ્રાયોગિક પરીક્ષાના (વાયવા) માર્કસ ની એન્ટ્રી પૂર્ણ થયા બાદ જો કોઈ ભૂલ હોય તો જરૂરી સુધારો કરી, ચેક લીસ્ટની પ્રિન્ટ કાઢી તેની ખરાઈ કરી તેમાં સંસ્થાના વડાએ સહી-સિક્કા સાથે સર્ટીફાઇડ કરીને કોલેજ/ભવનના રેકોર્ડ ઉપર રાખવાની રહેશે. યુનિવર્સિટીને જરૂર જણાય તો મંગાવે ત્યારે સંસ્થાના વડાના સહી સિક્કા સાથેની નકલ પરીક્ષા વિભાગમાં જમા કરાવવાની રહેશે.

(૫) યુનિવર્સિટી દ્વારા પરિણામ જાહેર થયા બાદ કોઈ પણ સંજોગોમાં ઇન્ટર્નલ માર્કસ તથા પ્રાયોગિક પરીક્ષાના (વાયવા) માર્કસમાં યુનિવર્સિટી દ્વારા ફેરફાર કરી દેવામાં આવશે નહિ.

(૬) ઇન્ટર્નલ ગુણ તથા પ્રાયોગિક પરીક્ષાના ગુણ ની એન્ટ્રી દરમ્યાન સંસ્થાના વડાને USERNAME તથા PASSWORD અપાયેલ છે તેનો જ ઉપયોગ કરવો અને તે માહિતી લીક ના થાય તે અંગેની સંપૂર્ણ જવાબદારી સંસ્થાના વડાની રહેશે જે વિદિત થાય.

ઉપર મુજબની જાણ સંસ્થાના સબંધિત સર્વેને કરવાની રહેશે અને જરૂરી વ્યવસ્થા ગોઠવવા યોગ્ય કરશોજી.

પરીક્ષા નિયામક

નં./પરીક્ષા/૦૨/૧૬૦/૨૦૨૧
પરીક્ષા વિભાગ-૦૨
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫
તા. ૧૪/૦૨/૨૦૨૧

મેનેજમેન્ટ વતી

નોંધઃ-(પ્રાપ્તિ સ્થાન : સૌ.યુનિ. તા. ૧૪/૦૨/૨૦૨૧)
★ તમામ મુખ્ય નોટીસબોર્ડ (૦૩), ★ તમામ સ્ટાફરૂમ (૧૭), ★ તમામ ઓફીસ રૂમ (૦૯), ★ તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ (૧૧) ★ તમામ કોલેજ ના પ્રિન્સીપાલશ્રીને (૧૧) ★Type By:- અંકુર અંટાળા